## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તારી બૈરી વધુ કચકચ કરતી હોય તો, અત્યારે તેનાથી છુટકારા માટે એક ચાન્સ છે.. કુંભ મેળામાં લઈ જઈને તેને ખોઈ નાખ...!!

# શહેરમાં ઠંડી યથાવત : પારો ૧૧.૪ ડિ.સે.

## આકાશમાં વાદળો છવાયા : પવન સાથે ઠંડી રહેતા વસાહતીઓ ઘરમાં પુરાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં ઠંડીનુ મોજુ યથાવત રહ્યું છે. આકાશમાં વાદળો છવાતા અને સાથે જ ઠંડો પવન સતત ફુંકાતા જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે.

છેલ્લા એક અઠવાડિયાથી ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારોમાં આકરી ઠંડી પડી રહી છે. લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નજીક પહોંચી જતાં જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે. ગાંધીનગર છેલ્લા ચાર-પાંચ દિવસથી રાજ્યનુ કોલ્ડેસ્ટ સીટી બની રહ્યુ છે. લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રીની આસપાસ જ રહેતા વસાહતીઓ ઠંડીમાં રીતસર ઠુંઠવાઈ રહ્યા છે. ઠંડીની સાથે સાથે ગઈકાલ સાંજથી આકાશમાં વાદળો ઘેરાયા છે. આકાશમાં ઘેરાયેલા વાદળોના કારણે માવઠાંની દહેશત છે. સાથે જ ઠંડો પવન ફુંકાતા વસાહતીઓ ઘરની બહાર નીકળી શકતા નથી. મહત્તમ તાપમાનમાં પણ સારો એવો ઘટાડો થતાં વસાહતીઓને આખો દિવસ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવુ પડે છે.







ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે આજે અધિકારીઓ-કર્મચારીઓ માટે આરોગ્ય ચકાસણી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ૮૫થી વધુ કર્મચારીઓ-અધિકારીઓના ડાયાબીટીસ, બી.પી. અને બ્લડ ગૃપ ચેક કરવામાં આવ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાના આરોગ્ય ચકાસણી સાથે જ આ કેમ્પનો પ્રારંભ થયો હતો તેની તસવીર.

# ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયે વિધાનસભાનું ટૂંકુ સત્ર મળશે

ગાંધીનગર,તા.૧૭

આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ના નાણાંકીય વર્ષ માટે સંપૂર્ણ બજેટ રજુ નહીં થાય પરંતુ તેને બદલે માત્ર ચાર મહિનાનું બજેટ એટલે કે લેખાનુદાન રજૂ થશે. ગુજરાત સરકાર દ્વારા ફેબ્રુઆરી મહિનામાં વિધાનસભાનું બજેટ સત્ર બોલાવાતું હોય છે. જેમાં નવા નાણાકીય વર્ષ માટેનું સંપૂર્ણ બજેટ ગ્રહની અંદર રજૂ કરાતું હોય છે પરંતુ આગામી માર્ચ એપ્રિલમાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. જેનું જાહેરનામું પણ ફેબ્રુઆરી મહિનામાં બહાર પડી શકે છે.

લોકસભાની ચૂંટણી થવાની સ્થિત હોવાને કારણે ગુજરાત સરકારે પણ આ વર્ષે આગામી નાણાકીય વર્ષ માટેનું સંપૂર્ણ બજેટ રજૂ કરવાને બદલે ચાર મહિના માટેનું લેખાનુદાન રજૂ કરવાનું નક્કી કર્યુ છે. લોકસભાની ચૂંટણી સંપૂર્ણ થયા બાદ ગુજરાત સરકાર વિધાનસભાનું સત્ર ફરીથી બોલાવશે. જેમાં બાકી રહેલા બીજા આઠ મહિનાનું બજેટ રજૂ કરાશે. ફેબ્રુઆરી મહિનામાં જે બજેટ સત્ર મળશે તે ખુબ જ ટૂંકુ એટલે કે માત્ર ૬થી ૭ દિવસનું જ રહેશે. જેમાં કુલ સાતથી આઠ બેઠકો મળવાની શક્યતાઓ છે.

લોકસભાની ચૂંટણીની આચાર સહિતા લાગુ પડતી હોવાથી સરકાર આખા વર્ષના બજેટ ને બદલે માત્ર ચાર મહિનાનું બજેટ રજૂ કરે છે જેથી ચૂંટણીની આચાર સંહિતાનો ભંગ ન થાય ગુજરાતના નાણાં ખાતાના ટોચના અધિકારીઓ જણાવે છે કે હાલમાં અમે સરકારના તમામ વિભાગો પાસેથી તેમને કેટલું બજેટ જોઈએ છે તેની સંપૂર્ણ માહિતી મગાવી છે એટલું જ નહીં ચાલુ વર્ષના બજેટ દરમિયાન જે તે વિભાગોને ફાળવવામાં આવેલા બજેટમાંથી કેટલો ખર્ચ થયો કેટલો બાકી છે.

# મુખ્ય સેવિકાની પરિક્ષામાં ગેરરીતી અંગે પંચાયત મંત્રીને ફરીયાદ

## ગુજરાત જનજાગૃતિ મંચ દ્વારા લેખિત ફરીયાદ કરાઈ

ગાંધીનગર, તા.૧૭

જીપીએસસી અને ગૌણસેવા પસંદગી મંડળ, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ તેમજ શિક્ષણ બોર્ડ દ્વારા વિવિધ જગ્યાઓની ભરતી માટે પરિક્ષાઓ લેવામાં આવે છે. અને એમાં પણ પેપર લીક થયાની ફરિયાદો ઉઠવા પામે છે. તાજેતરમાં ટાટ ની પરિક્ષાનું પેપર લીક થયાની ફરીયાદને પગલે પરીક્ષા રદ કરાવમાં આવી હતી. ત્યારબાદ ગત્ તા. ૨૩ નવેમ્બરના રોજ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા લેવાયેલ મુખ્ય સેવિકાની પરિક્ષામાં રૂપીયા પરિક્ષા પાસ કરાવી દેતા હોવાની ફરિયાદો ઉઠી છે. ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં પરિક્ષામાં ગેરરીતી થઈ હોવાની ફરીયાદને પગલે ગુજરાત જનજાગૃતિ મંચ દ્વારા રાજયના પંચાયત મંત્રીને લેખિત ફરિયાદ કરીને યોગ્ય કરવા જણાવ્યું છે.

તંત્ર દ્વારા મુખ્ય સેવિકાનું પેપર લીક મામલે ઢીલુ વલણ દાખવવામાં આવી રહ્યું છે. હજ્જારો મહિલાઓ અન્યાયની લાગણી અનુભવી રહી છે. તેઓના જણાવ્યા મુજબ સે-૨૮ એન્જીનિયરીંગ કોલેજ ખાતે સેવિકાની પરિક્ષા દરમિયાન બ્લોક નં ૩ યુનિટ ૩ માં આવેલા પેપરનો સીલ નિરીક્ષક દ્વારા ખોલવામાં આવતા તેમાં ૩૦ ની જગ્યાએ ૨૯ પેપર નીકળ્યા હતા. પેપર ઓછુ નીકળે તો ઉમેદવારને એકસ્ટ્રા પેપર આપવાનું હોય છે. આ પેપર ઉપર સીટ નંબર લખેલો હોતો નથી. પરંતુ આ કિસ્સામાં પાંચ મિનીટ પછી સુપરવાઈઝર બહારથી પેપર લઈને આવે છે. જેના ઉપર સીટ નંબર લખેલો હતો. જે પરિક્ષા શરુ થયા પહેલા કાઢી લેવાયું હોય તેવી આશંકા વ્યકત કરાઈ રહી છે. આ તમામ ઘટનાની તપાસ કોલેજમા લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવે તો થઈ શકે છે. જેને પગલે ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા રાજયના પંચાયત મંત્રીને લેખિતમાં આવેદન પત્ર પાઠવી આ પરિક્ષા રદ કરી મહિલાઓના હિતમાં નિર્ણય લેવા રજુઆત કરી છે. ત્યારે સરકાર આ અંગે શું નિર્ણય કરે છે તે જોવું રહ્યું.

# ધો-૧૨ સાયન્સની પ્રેકટીકલ એપ્રિલમાં લેવાવાની શકયતા

ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ પરીક્ષા આ વખતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે જાતે લેવાનું નક્કી કર્યુ છે. આ પરીક્ષા એપ્રિલ મહિનામાં લેવાય તેવી શક્યતા છે તો બોર્ડ દ્વારા અત્યાર સુધીમાં લેખિત પરીક્ષા અને ગુજકેટની તારીખ જાહેર કરી દેવાઈ છે, પરંતુ પ્રેક્ટિકલ પરીક્ષા માટે તા.૨૦ ડિસેમ્બરના રોજ બોર્ડની બેઠકમાં સેન્ટર નક્કી કરવામાં આવે તેવી પણ પૂરી સંભાવના છે. અત્યાર સુધી પ્રેક્ટિકલ પરીક્ષા શાળાઓ દ્વારા જ લેવામાં આવતી હતી પણ પહેલી વખત આ પરીક્ષા બોર્ડે જાતે લેવાનું નક્કી કર્યુ છે, જે શાળામાં લેબોરેટરીની સુવિધા સારી હશે તે શાળાઓમાં જ બોર્ડ દ્વારા સેન્ટર ફાળવવામાં આવશે. પ્રેક્ટિકલ પરીક્ષાનાં સેન્ટર માટે ગ્રાન્ટેડ સ્કૂલોને પ્રાધાન્ય અપાશે. પરીક્ષાનાં સેન્ટર નક્કી કરવાની જવાબદારી જે તે જિલ્લાના ડીઈઓને સોંપવામાં આવી છે. ૨૦ ડિસેમ્બરે બોર્ડની એક બેઠકમાં કયા જિલ્લામાં પરીક્ષા માટે કેટલાં સેન્ટર ફાળવવા તેનો નિર્ણય લેવામાં આવશે.

આ જ દિવસે પ્રેક્ટિકલ પરીક્ષાની તારીખની જાહેરાત કરવામાં આવી શકે છે. સંભવતઃ રીતે પ્રેક્ટિકલ પરીક્ષા એપ્રિલના પહેલા સપ્તાહમાં લેવાશે. પ્રેક્ટિકલ પરીક્ષામાં કયા પ્રકારના પ્રયોગો કરાવવા તે પણ બોર્ડ જ નક્કી કરશે અને સ્કૂલોને આ માટેનું પેપર મોકલી આપશે.

# નજીવી બાબતે એક વ્યકિતનુ મોત નિપજાવવાના કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

### અમિયાપુર તપોવન તિર્થ ધામમાં મજુરી કામ કરતા મજુરને માથામાં લોખંડની પાઇપ ફટકારી હતી

ગાંધીનગર તા ૧૭

તપોવન અમિયાપુર ગામમાં જૈન તિર્થ પાસે થયેલા ઝઘડામાં એક મજુરનુ મોત નિપજાવવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૧૦ વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. કાર્ટે આરોપીને રૂ ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. જયારે આરોપી દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૨૪ માર્ચ વર્ષ ૨૦૧૬ ના રોજ તપોવન સંસ્કાર તિર્થ અમિયાપુર ખાતે છત્તીસગઢના મુળ રહેવાસી આરોપી જીતેન્દ્રસિંહ ઉદલસિંહ રાજપુતે કામ કરતા મજુર પપ્પુ લાલજી સરોજ પાસે પાણી માંગ્યુ હતુ. પપ્પુ લાલજીએ પીવાનુ પાણી ન આપતા આરોપી જિતેન્દ્રસિંહે ઉશ્કેરાટમાં આવીને તેમને લોખંડનો રોડો માથામાં મારી દીધો હતો. અને આરોપી સ્થળ પરથી નાસી ગયો હતો. જયારે ગંભીર રીતે ઘવાયેલા પપ્પુનુ મોત નિપજયુ હતુ. આ મામલે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. જયારે આ કેસ ગાંધીનગરની ત્રીજા એડિશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી તેમણે કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ કે આરોપીએ સાઅપરાધ મનુષ્ય વધનો ખુનનો ગુન્હો કર્યો છે. જયારે પરપ્રાંતમાંથી મજુરી રળવા આવેલા એક સામાન્ય પરિવારના વ્યકિતનુ મોત નિપજાવ્યુ છે. જેના લીધે પરિવારજનોએ એક નો એક દિકરો ગુમાવ્યો છે. જેના અંતે સરકારી વકીલની દલીલો તેમજ ૨૪ જેટલા સાક્ષીઓ તપાસી એફ એસ એલના અધિકારી અને ડોકટરની જુબાની સહીત પુરાવાઓને ધ્યાને લઇ જજ એસ વી વ્યાસે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે. જયારે આરોપી દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

# વિશ્વ આયુર્વેદ સંમેલન, આરોગ્ય એક્ષ્પોનું સમાપન

અમદાવાદ,તા. ૧૭

શહેરના હેલ્મેટ સર્કલ પાસે જીએમડીસી ગ્રાઉન્ડ પર ગુજરાત યુનિર્સિટી કન્વેન્શન હોલ ખાતે ચાલી રહેલા આઠમા વર્લ્ડ આયુર્વેદ સંમેલનનું આજે સફળતાપૂર્વક સંપન્ન કરાયું હતું. આ પ્રસંગે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ચાર દિવસ સુધી ચાલેલા આ વિશ્વ આયુર્વેદ મહાસંમેલનમાં દેશ-વિદેશના આયુર્વેદાચાર્યો, વૈદ્ય-ચિકિત્સકો, આયુર્વેદ નિષ્ણાતો અને તજજ્ઞોએ ભાગ લીધો હતો અને આયુર્વેદના તાજા સંશોધનો, પ્રાચીન પધ્ધતિ અને તેના નિદાન, ઉપચાર અને પરિણામો સહિનતા અનેકવિધ મુદ્દાઓ પર વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા હાથ ધરી હતી. આ મહાસંમેલનમાં ઘણા રિસર્ચ પેપર, ચર્ચા સત્ર, પ્રશ્નોત્તરી સહિતના કાર્યક્રમો પણ યોજાયા હતા. આઠમી વિશ્વ આયુર્વેદ મહાસંમેલનના ભવ્ય સમાપન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતે તેની પ્રાચીન અને સાંસ્કૃતિક આયુર્વેદ પધ્ધતિ મારફતે સમગ્ર વિશ્વમાં તેની સિધ્ધિ અને તાકાતનો પરિચય કરાવ્યો છે અને આયુર્વેદના ક્ષેત્રમાં ભારત વિશ્વગરૂ બની માર્ગદર્શન કરશે તેમાં કોઈ શંકા નથી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અમદાવાદમાં યોજાયેલા આઠમી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ અને આરોગ્ય અક્ષપોએ ગુજરાત અને દેશ માટે નવા સીમાચિહ્નો સર્જયા છે, જેમાં તેણે વિશ્વભરના લોકોને ભારતની આયુર્વેદની તાકાતનો પરિચય કરાવ્યો છે. જે બહુ મોટી સફળતા કહી શકાય.

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ગઈકાલે તા.૧૪થી તા.૧૭ ડિસેમ્બર, ૨૦૧૮ દરમિયાન ૮મી વિશ્વ આયુર્વેદ મહાસંમેલન અને આરોગ્ય એક્સ્પોનું આયુષ મંત્રાલય અને ગુજરાત સરકારના સહયોગથી વર્લ્ડ આયુર્વેદ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને ભારત સરકાર આયુષ મંત્રાલયના રાજ્યપ્રધાન શ્રી શ્રીપદ નાયક, અને પદ્મશ્રી વૈદ્ય રાજેશ કોટેચા (સેક્રેટરી, મિનિસ્ટ્રી ઓફ આયુષ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયાના હસ્તે અગાઉ કરવામાં આવ્યું હતું.

# રાજયકક્ષાના આયના-મેગ્નેટ તથા એન્ટરપ્રિન્યોર ફિએસ્ટાનું સમાપન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સે-૨૩માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેમ્પસ ખાતે આયોજિત રાજયકક્ષાના 'આયના-મેગ્નેટ' તેમજ 'એન્ટરપ્રિયોર ફિએસ્ટા'નું સમાપન ગઈ કાલે થયું હતું. સમાપન પ્રસંગે સ્પર્ધાના વિજેતાઓને ઈનામો તથા ટ્રોફી આપી સન્માનવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓમાં આંતરિક શકિત ખીલે અને અભ્યાસ ઉપરાંત વ્યકિત્વના અન્ય ગુણો પણ વિકસે તે હેતુથી આયોજિત આયના-મેગ્નેટ અને કારકિર્દી લક્ષી માર્ગદર્શન સાથે




વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાના ગુણો કેળવવાના હેતુથી એન્ટરપ્રિન્યોર ફિએસ્ટાનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધામાં વિજેતા ૧૪ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું તેમજ ૬ ટીમોને પણ ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્પર્ધાના નિર્ણાયકો દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં હજુ આ કાર્યક્રમ વધુ સારો કેવી રીતે બની શકે તે માટે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન બીબીએ કોલેજના કર્મચારી ગણ દ્વારા વિદ્યાર્થીઓના સહકારથી સંપન્ન કરવામાં આવ્યું હતું.

# ગ્લોબલ સમિટમાં 'આફ્રિકન ડે'ની ભવ્ય ઉજવણી કરાશે

## ભારત અને આફ્રિકન દેશો વચ્ચેના આર્થિક સંબંધોને નવી દિશા આપશે : એસ. જે. હૈદર

ગાંધીનગર, તા. ૧૭

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ સ્વરૂપે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વેપાર-વાણિજય ક્ષેત્રે અને રોજગારી ક્ષેત્રે અગ્રેસર લાવવા સપનું સેવ્યુ હતુ. પ્રતિ બે વર્ષે યોજાતી આ સમીટ આજે વૈશ્વિક ઓળખ બની ગઈ છે એટલું જ નહીં દુનિયાભરના દેશો આજે આ સમીટમાં સહભાગી થવા થનગને છે. નવમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે વૈશ્વિક અગ્રણીઓ અને ઉદ્યોગોના સંચાલકો ગુજરાતમાં મૂડી રોકાણ અંગે વ્યુહાત્મક ભાગીદારી, વેપાર અને ઉદ્યોગોમાં વિવિધ તકો વિશે વિચાર-વિમર્શ કરી શકે અને ગુજરાતમાં મૂડી રોકાણ થઈ શકે તે હેતુથી આગામી ૧૯ જાન્યુઆરીના ૨૦૧૯ રોજ 'આફ્રિકન ડે- આફ્રિકા દિવસ' ની ઉજવણી કરવામાં આવશે.

આ ઈવેન્ટ્સના આયોજન માટે ઈન્ડો-આફ્રિકા ચેમ્બર્સ ઑફ કોમર્સની આયોજક પાર્ટનર માટે પસંદગી કરવામાં આવી છે તેની માહિતી આપી અગ્ર સચિવશ્રી હૈદરે ઉમેર્યુ હતું કે, નવમી વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં દક્ષિણ આફ્રિકા અને મોરક્કો ભાગીદાર દેશ તરીકે રહેશે. ભારત તથા આફ્રિકા અને ખાસ કરીને ગુજરાત અને આફ્રિકા વચ્ચેના દ્વિ-પક્ષીય વ્યાપારીક સંબંધો વધુ ફળદાયી અને વિકસિત બને એ માટે પૂરતી તકો મળે તે હેતુથી આ દિવસે સંયુક્ત મંચ પૂરો પાડવાનો એક પ્રયાસ કરવામાં આવશે.

ભારતની સૌથી મોટી બિઝનેસ સમિટમાં પ્રથમવાર આફ્રિકા ખંડના બે દેશો દક્ષિણ આફ્રિકા અને મોરોક્કો સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે રહેશે તેમ જણાવતા હૈદરે જણાવ્યુ હતુ કે, કુદરતી સંપત્તિથી સમૃદ્ધ અને ઝડપથી વિકસી રહેલા આફ્રિકન ખંડના ઉભરી રહેલા મહત્વને દર્શાવે છે. આ સમિટમાં બંન્ને દેશો તેમના પ્રતિનિધિ તરીકે વેપાર અને ઉદ્યોગ મંત્રાલયના મંત્રીઓ-અધિકારીઓ મોકલશે. જેની સાથે સ્થાનિક વેપાર ઉદ્યોગ-ગૃહના ઉદ્યોગપતિ પણ રહેશે. પ્રતિનિધિ મંડળમાં ઉદ્યોગ, મૂડીરોકાણ, વેપાર અને ડીજીટલ ઈકોનોમીના મંત્રીના નેતૃત્વમાં ઉચ્ચ સરકારી અધિકારીઓ અને ઉદ્યોગકારો તેમજ ઉર્જા, ખાણ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ મંત્રી પણ ઉપસ્થિત રહેશે. વધુમાં આ પ્રતિનિધિ મંડળમાં ફેડરેશન ઑફ ઈજીપ્શિઅન ઈન્ડસ્ટ્રીઝ (FEI), ઈજિપ્તના એકિઝક્યુટીવ ડાયરેક્ટર; 'ઈન્વેસ્ટ સાઉથ આફ્રિકા'ના વડા અને નવી દિલ્હી ખાતેના વિવિધ આફ્રિકન દેશોના રાજદૂતો અને ઉચ્ચ આયુક્તો જોડાશે. સમગ્ર આફ્રિકન ખંડના દેશો ઉપરાંત અન્ય દેશો પણ 'આફ્રિકન ડે' ઈવેન્ટમાં હાજર રહેશે.

અગ્ર સચિવે જણાવ્યુ હતુ કે, 'આફ્રિકન ડે'ની આ એક દિવસીય ઈવેન્ટની શરૂઆત સવારે પ્લેનરી સેશનથી થશે. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત આફ્રિકાના પ્રધાનો તથા આફ્રિકન યુનિયન અને આફ્રિકન ડેવેલપમન્ટ બેંક જેવા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત આફ્રિકન રાજ્યોના વડાઓ સાથે કેન્દ્ર સરકારના વરિષ્ઠ પ્રધાનો પણ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે આફ્રિકન દેશો સાથેના વેપાર-વાણિજ્ય ક્ષેત્રે રહેલા તકો અને પડકારો સંદર્ભે એક સત્રનું



પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આફ્રિકન દેશોમાં ઉદ્યોગોને અનુરૂપ વાતાવરણ, નિકાસની તકો, જમીનની પ્રાપ્યતા, મંજૂરી, કુશળ શ્રમિકોની ઉપલબ્ધિ અને સરકારી નીતિઓ અને પ્રશાસનિક બાબતો જેવા ક્ષેત્રો પણ ભારતીય ઉદ્યોગકારો અને આફ્રિકાના દેશોમાં ઉદ્યોગકારોને એકબીજા દેશોમાં રોકાણની તકો માટે પ્રેરિત કરશે.

આ ઈવેન્ટના મહત્વ વિશે જણાવતા અગ્રસચિવે કહ્યુ હતુ કે, આ ઈવેન્ટમાં હેલ્થકેર, ફાર્માસ્યુટિકલ, કેમિકલ અને પેટ્રોકેમિકલ્સ, ટેકસટાઈલ્સ, પુનઃપ્રાપ્ય ઉર્જા, ખેતી આધારિત ઉદ્યોગો, હિરા અને ઝવેરાતનો વેપાર, ખાણ અને ખનિજ અને કૌશલ્ય નિર્માણ જેવા મહત્વના વિષયો આફ્રિકન દેશોના પ્રતિનિધિમંડળનું ધ્યાન આકર્ષિત કરશે. આ ઈવેન્ટ્સ દરમિયાન આરોગ્ય સુવિધાઓ, શિક્ષણ અને ખનીજ વિકાસ જેવા ક્ષેત્રમાં અંદાજિત ૧૨-૧૫ જેટલા સમજૂતી કરાર થવાની સંભાવના છે. આ ઉપરાંત આફ્રિકન પ્રતિનિધિ મંડળ માટે ઝાયડ્સ હોસ્પીટલ, યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિઓલોજી, અમૂલ ડેરીનું પ્રોસેસીંગ પ્લાંટ, આઈઆઈટી ગાંધીનગર, ગિફ્ટ સિટીની મુલાકાતનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આફ્રિકન અને ભારતીય કંપનીઓ તેમના પરસ્પર રસનાં ક્ષેત્રોના વિવિધ ઉત્પાદનો અને સેવાઓને પ્રદર્શિત કરી શકે એ માટે ૨,૨૦૦ ચોરસમીટર વિસ્તારમાં એક વિશેષ આફ્રિકા પેવેલિયન ઉભું કરવામાં આવશે.

આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે ૫૪ આફ્રિકન દેશો પૈકીના ૩૨ દેશોએ સહમતી આપી છે અને બીજા વધુ કેટલાંક દેશો પણ જોડાય તેવી સંભાવના છે. ભારતમાંથી સુઝલોન, વેદાંતા, ગોદરેજ, ઝાયડસ અને રિલાયન્સ જેવી કંપનીઓ પણ આ ઈવેન્ટમાં જોડાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ગુજરાત સરકારના બે પ્રતિનિધીમંડળોએ ભારતની અગ્રણી એવી આ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં આફ્રિકન દેશોનો સહયોગ વધે તે માટે વિવિધ આફ્રિકન દેશોની મુલાકાત લીધી હતી. ગુજરાત સરકારના અગ્ર સચિવ જે.પી. ગુપ્તાએ તાન્ઝાનિયા, કેન્યા અને દક્ષિણ આફ્રિકાની મુલાકાત લીધી હતી. જ્યારે પ્રવાસન વિભાગના અગ્ર સચિવ એસ.જે. હૈદરે તુર્કી, ઈજિપ્ત અને મોરોક્કોની મુલાકાત લીધી હતી.

અત્રે નોંધનીય છે કે ૧૦-૧૩ જાન્યુઆરી, ૨૦૧૭માં યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટમાં આફ્રિકન ખંડમાંથી ૧૮ આફ્રિકન દેશોના ૧૬૦થી વધુ ડેલીગેટ્સએ ભાગ લીધો હતો.

સામાન્ય રીતે આફ્રિકા હંમેશાં ગુજરાત માટે વિવિધ ક્ષેત્રોમાં વેપાર વાણિજય વિકસાવવા માટેની પસંદગીનું સ્થળ રહ્યું છે. વર્ષ ૨૦૧૭માં ગુજરાતમાં ભારત અને આફ્રિકા વચ્ચે આર્થિક સહકાર અંગે સહભાગીતા માટે મોટું પ્લેટ ફોર્મ મળી રહે તે માટે આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની વાર્ષિક બેઠક મળી હતી. કેન્દ્ર સરકારે પણ આ વાર્ષિક બેઠક સમયે બંન્ને દેશોના દ્વિ-પક્ષી સંબંધોને આગળ વધારવાના હેતુથી 'ઇન્ડિયા આફ્રિકા કો-ઓપરેશન' સેમિનાર અને પ્રદર્શન પણ યોજયું હતું. આફ્રિકન દેશોનો વિકાસ ભારત માટે મોટી તકો ઉભી કરે છે. આફ્રિકન દેશોના કુદરતી સંશાધનોના સ્ત્રોતો ભારતના આર્થિક વિકાસમાં અગ્રેસર ભૂમિકા ભજવશે. આફ્રિકન ખંડની સમૃદ્ધિ વૈશ્વિક ઈકોનોમીને સ્થિરતા અને ગતિ પ્રદાન કરશે જે ભારત માટે પણ લાભપ્રદ બનશે તેમ પણ અગ્ર સચિવશ્રી હૈદરે જણાવ્યુ હતુ.